PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૫/ક્વા–૦૨/૧૬–૧૭/ ૮૭૩૬ તા. ૨૬/૦૬/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા,
C/O, શ્રી ગેવિંદભાઈ રામજીભાઈ ભાલોડીયા,
–ઉમા– શેરી નં.–૫,
વૃંદાવન સોસાયટી,
અંકુર વિદ્યાલય પાછળ,
ગોકુલધામ પાસે,
મવડી–રાજકોટ
મો: ૯૯૦૪૫ ૮૪૬૪૨

**વિષય :–નવા ખેત જોડાણ મા નામ બદલી અને શીફટીગ બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૫/ક્વા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–3..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી , કેશોદ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૨, કેશોદ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.



No: 01 / R

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૭૫/કવા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીગ તા.૨૧–૦૯–૧૬ સ્થળ :જુનાગઢ

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામઃ અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા,ગામઃ રાજકોટ,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૨, કેશોદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી , કેશોદ)

રજુઆત કરનાર :એ.એમ.ઘોડાસરા, નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી , કેશોદ હાજર રહેલ હતા.

## : હુકમ :

ફરીયાદ : નવા ખેત જોડાણ મા નામ બદલી અને શીફટીગ બાબત

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી એ, તેમના ગામઃ કેવદરા ખાતે ના સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ વાળી જમીન, જે તેઓ શ્રી ને વડીલો તરફથી વારસાઈ મા મળેલ હોય, અને હાલ ના તબ્બકે, વારસાઈ એન્ટ્રી મુજબ, સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ વાળી જમીન ની માલીકી, તેઓ શ્રી એટલેકે શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા, તથા તેમના ભાઈ શ્રી કિરીટભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા ની છે. સંયુકત માલીકી ના સદર સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ વાળી આ જમીન પર, કુલ ૦૨ કુવાઓ આવેલ છે. અને બન્ને કુવાઓ, તેઓને વારસાઈ એન્ટ્રી મુજબ, સહીયારી ભાગીદારી વાળા છે. આમ, બન્ને કુવાઓ તેઓ શ્રી એટલેકે શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા, તથા તેમના ભાઈ શ્રી કિરીટભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા ની સંયુકત માલીકી ના છે. જે માહે ના ૦૧ કુવા પર, અરજદાર શ્રી એટલેકે શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા ના નામનુ, એક ખેતીવાડી વીજજોડાણ છેલ્લા ૩૧ વર્ષ થી આવેલ છે. જયારે, સદર સંયુકત ભાગીદારી વાળા ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ ની જમીન પર આવેલ ભાગીદારી વાળા અન્ય બીજા કુવા પર કોઈ કનેકશન નથી |
| ૧.૨ | અરજદાર ફોરમ સમક્ષ તેમની લેખીત અરજી આપીને ખાસ વિનંતી કરે છે કે, તેઓ શ્રી ના પિતાશ્રી શ્રી ગોવિંદભાઈ રામજીભાઈ ભાલોડીયા ના નામની, અગાઉ તા.૦૪–૦૩–૧૧ ના રોજ, સદર સંયુકત માલીકી વાળા સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ મા, કરાયેલ સામાન્ય યોજના હેઠળ ના ૭.૫ હોપા ની અરજી, જે હાલ ના તબ્બકે, પીજીવીસીએલ કક્ષાએ, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે. જેથી, અરજદાર શ્રી એટલેકે શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા, સદર તેમના પિતાશ્રી ના નામની સદર તા.૦૪–૦૩–૧૧ ના રોજ ની અરજી ને, તેઓ શ્રી, સીઘીલીટી ના વારસાઈની રૂએ, તેમના પિતાશ્રી એટલેકે શ્રી ગોવિંદભાઈ રામજીભાઈ ભાલોડીયા ના નામ પરથી તેમના નામે, એટલેકે શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા નામ પર નામ બદલી સાથે, અરજદાર શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા ને વારસાઈ મા મળેલ, સંયુકત માલીકી વાળા સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ મા આવેલ અન્ય સંયુકત માલીકી ના કુવા પર જોડાણ મેળવી, અને આ સંયુકત માલીકી ના કુવા પર ના જોડાણ માથી, તેઓ શ્રી એટલેકે શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા, તેમના અંગત માલીકી ના, અન્ય ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ પર સીચાઈ કરવાના હેતુ માટે મેળવવા માંગે છે. અરજદાર સ્પષ્ટતા સાથે જણાવે છે કે, તેઓ શ્રી ની અંગત માલીકી ની સદર ખેતીવાડી વીજજોડાણ સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ વાળી જમીન, જે મુળ માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ ના શેઢા (સરહદ) પર જ છે. જેથી, હાલ મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ, તેમની તા.૦૪–૦૩–૧૧ ની અરજી વાળુ જોડાણ, મુળ માંગણી મુજબ ના સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ માથી, તેઓની અંગત માલીકી ની જમીન ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ મા, શીફટીગ અને નામ બદલી સાથે મેળવવા ઈચ્છે છે. આમ, અરજદાર શ્રી, તેઓ શ્રી ની તા.૦૪–૦૩–૧૧ ની અરજી મુજબ ના નવા ખેતીવાડી વીજજોડાણ ( કનેકશન માટે નુ સ્થળ) , તેમની સંયુકત માલીકી ની ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ વાળી જમીન પર આવેલ, તેઓ શ્રી ના સંયુકત માલીકી ના અન્ય કુવા પર રીલીઝ કરાવી, અને આ કનેકશન દ્વારા, મુળ માંગણી મુજબ ના સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ ના શેઢા (બાઉન્ડ્રી) પર જ આવેલ તેમની અંગત માલીકી ની ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ મા, સામાન્ય લંબાઈ ની પાઈપ લાઈન / ધોરીઓ દ્વારા સીચાઈ કરવા ઈચ્છે છે. આમ, અરજદારે, તેઓ શ્રી ના પિતા શ્રી ના નામનુ સદર જોડાણ નામ બદલી અને શીફટીગ સાથે મેળવવા માટે ની, ફોરમ કમિટી ને, આ બાબત ને, નિયમાધીન યોગ્ય અને વ્યાજબી રાહે મુલવી અને માન્ય કરી અને તેઓ શ્રી ને આ મુજબ નવુ જોડાણ આપવા વિનંતી કરે છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા એ, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ અને ૧.૨ મુજબ ની ફરીયાદ અરજી મા, તેઓ શ્રી ના પિતા શ્રી ગોવિંદભાઈ રામજીભાઈ ભાલોડીયા ના નામની, મુળ સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ મા નોધાયેલ, નવા ૭.૫ હોપા ની, તા.૦૪–૦૩–૧૧ ની સામાન્ય યોજના હેઠળ ની, નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી ને, તેમના પિતા શ્રી ગોવિંદભાઈ રામજીભાઈ ભાલોડીયા ના નામ પરથી, તેમના એટલેકે શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા ના નામ પર, નામ બદલી સાથે, અને મુળ સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ મા, સીચાઈ કરવાને બદલે, શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા ના નામના અંગત માલીકી ના ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ મા સીચાઈ કરવા માટે, શીફટીગ મેળવવા, અને ખાસ કરીને, નવા ખેતીવાડી વીજજોડાણ ( કનેકશન માટે નુ સ્થળ) , તેમની સંયુકત માલીકી ની ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ વાળી જમીન પર આવેલ, તેઓ શ્રી એટલેકે શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા ને તેમના ભાઈ શ્રી કિરીટભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા ની સંયુકત માલીકી ના અન્ય કુવા પર રીલીઝ કરાવી, અને આ કનેકશન દ્રારા, મુળ માંગણી મુજબ ના સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ ના શેઢા (બાઉન્ડ્રી) પર જ આવેલ તેમની અંગત માલીકી ની ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ મા, સામાન્ય લંબાઈ ની પાઈપ લાઈન / ધોરીઓ દ્રારા સીચાઈ કરવા માટે, ફોરમ સમક્ષ સવાલવાળી અરજી કરેલ છે. પરંતુ, અરજદાર શ્રી, જે ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ મા આવેલ કુવા પર જોડાણ મેળવવા ઈચ્છે છે, તે સર્વે નંબર મા,હાલ ના તબ્બકે, '' શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા ના નામનુ '' એક ખેતીવાડી વીજજોડાણ હૈયાત છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/૨૦૫૯, તા.૧૬–૦૮–૧૨ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' એક સર્વે નંબર મા બીજુ જોડાણ મળી શકે નહી. '' આવા કારણોસર, અરજદાર શ્રી ની સદર માંગણી ગ્રાહય રાખી શકાય નહી. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા, તેમના પિતા શ્રી ગોવિંદભાઈ રામજીભાઈ ભાલોડીયા ના નામની, મુળ સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ મા નોધાયેલ, નવા ૭.૫ હોપા ની, તા.૦૪–૦૩–૧૧ ની સામાન્ય યોજના હેઠળ ની, નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી ને, તેમના પિતા શ્રી ગોવિંદભાઈ રામજીભાઈ ભાલોડીયા ના નામ પરથી, પુત્ર તરીકે ના સીધીલીટી ના વારસદાર ના રૂએ, તેમના એટલેકે શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા ના નામ પર, નામ બદલી સાથે – અને મુળ સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ મા, સીચાઈ કરવાને બદલે, શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા ના નામના અંગત માલીકી ના ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ મા સીચાઈ કરવા માટે – શીફટીગ મેળવવા ઈચ્છે છે. આમ, અરજદાર શ્રી સદર જોડાણ ને, મુળ સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ મા, સીચાઈ કરવા માંગતા નથી. પરંતુ, સદર નવા જોડાણ ને, તેમની અંગત માલીકી ની ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ મા સીચાઈ કરવા માટે ઈચ્છે છે. જેથી, એક જ સર્વે નંબર મા બીજુ જોડાણ ચાલુ કરવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. વિશેષ મા, અરજદાર શ્રી એ સદર નવા જોડાણ નુ સીચાઈ કરવા નુ સ્થળ, જે દર્શાવેલ છે, તે ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ ની જમીન પર કોઈ ખેતીવાડી વીજજોડાણ પણ હૈયાત નથી. આમ, અરજદાર શ્રી સદર નવા જોડાણ ને, તેઓની સંયુકત માલીકી ના ( શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા તેમજ શ્રી કિરીટભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા – એમ બન્ને ભાઈઓની સંયુકત માલીકી) ના, સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ ની જમીન મા આવેલ, બન્ને ભાઈઓ ની સંયુકત માલીકી વાળા અન્ય એક એવા કુવા પર – તેમની ભાગીદારી ના રૂએ ના કાયદેસર ના હકક ના રૂએ – જોડાણ માત્ર ચાલુ કરવા ( રીલીઝ કરવા) ઈચ્છે છે. જયારે આ જોડાણ માથી, સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ મા સીચાઈ કરવા ઈચ્છતા નથી. આમ, જોડાણ નુ રીલીઝ સ્થળ સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ મા આવેલ સંયુકત માલીકી નો કુવો છે. જયારે સીચાઈ નુ સ્થળ અરજદાર શ્રી ની અંગત માલીકી ની ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ વાળુ સ્થળ છે. અને હાલ આ સ્થળ એટલેકે ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ મા કોઈ કનેકશન હૈયાત પણ નથી. ખાસ કરીને, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાધીન પ્રણાલી મુજબ, નવા ખેતીવાડી વીજજોડાણકારો એ, મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ માટે ના સીચાઈ ના સ્થળ ના દાખલાઓ રજુ કરી અને પીજીવીસીએલ સાથે કરારનામુ કરવાનુ હોય છે. આમ, અરજદાર શ્રી, પીજીવીસીએલ સાથે, સીચાઈ કરવા ના સ્થળ ના ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ ના દાખલા રજુ કરી અને કરારનામુ પણ ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ મુજબ ની જમીન નુ જ કરશે. જયારે, જોડાણ નુ ( કનેકશન મીટર વાળુ સ્થળ) જે સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ મા આવેલ સંયુકત માલીકી વાળો કુવો દર્શાવશે. આમ, અરજદાર શ્રી ની સદર માંગણી, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ '' બદલાયેલ પરિસ્થિતી અન્વયે ના નવીન ખેતી વિષયક જોડાણ આપવા માટે ના '' મથાળા હેઠળ ના '' મુદદા નં. (છ) મા કરાયેલ જોગવાઈ મુજબ ની જ છે. જે, નિયમાધીન ગ્રાહય રાખવા યોગ્ય છે. તે મુજબ નો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદ્દા નં.–૪ :

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે,ફરીયાદી અરજદાર શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા, તેમના પિતા શ્રી ગોવિંદભાઈ રામજીભાઈ ભાલોડીયા ના નામની, મુળ સર્વે નંબર · ૨૪૮ પૈકી ૨ મા નોંધાયેલ, નવા ૭.૫ હોપા ની, તા.૦૪–૦૩–૧૧ ની સામાન્ય યોજના હેઠળ ની, નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી ને, તેમના પિતા શ્રી ગોવિંદભાઈ રામજીભાઈ ભાલોડીયા ના નામ પરથી, પુત્ર તરીકે ના સીધીલીટી ના વારસદાર ના રૂએ, તેમના એટલેકે શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા ના નામ પર, નામ બદલી સાથે – અને મુળ સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ મા, સીચાઈ કરવાને બદલે, સદર સંયુકત માલીકી ના સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ મા આવેલ સંયુકત માલીકી વાળા અન્ય કુવા પર (કે જે કુવા મા શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા તથા તેમના ભાઈ શ્રી કિરીટભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા ની સંયુકત માલીકી છે.) તેમને સંયુકત ભાગીદાર ના રૂએ કાયદેસર રીતે મળેલ હકક મુજબ, સદર નવુ જોડાણ ચાલુ કરાવી (રીલીઝ કરાવી) અને અરજદાર શ્રી અવિનાશભાઈ ગોવિંદભાઈ ભાલોડીયા ના નામના અંગત માલીકી ના ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ મા સીચાઈ કરવા માટે – આમ સદર અરજી ને નામ બદલી સાથે શીફટીગ મેળવવા ઈચ્છે છે. |
| ૪.૨ | આમ, ઉપરોકત મુદ્દા નં. ૪.૧ મા કરાયેલ સ્પષ્ટતા મુજબ, અરજદાર શ્રી, તેમના સદર નવા જોડાણ ને, મુળ સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨, કે જયા એક જોડાણ હૈયાત છે, ત્યા સીચાઈ કરવા માંગતા નથી. પરંતુ, સદર નવા જોડાણ ને, તેમની અંગત માલીકી ની ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ મા સીચાઈ કરવા માટે ઈચ્છે છે, કે જયા હાલ કોઈ ખેતીવાડી વીજજોડાણ હૈયાત નથી. આ મુજબ, એક જ સર્વે નંબર મા, સીચાઈ કરવા માટે બીજુ જોડાણ ચાલુ કરવા બાબતે નો સદર કેઈસ મા કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. ખાસ કરીને, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાધીન પ્રણાલી મુજબ, નવા ખેતીવાડી વીજજોડાણકારો એ, મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ માટે ના સીચાઈ ના સ્થળ ના દાખલાઓ રજુ કરી અને પીજીવીસીએલ સાથે કરારનામુ કરવાનુ હોય છે. આમ, અરજદાર શ્રી, પીજીવીસીએલ સાથે, સીચાઈ કરવા ના સ્થળ ના ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ ના દાખલા રજુ કરી અને કરારનામુ પણ ખેતીવાડી સર્વે નંબર : ૨૪૮ પૈકી ૧ પૈકી ૨ મુજબ ની જમીન નુ જ કરશે. જયારે, જોડાણ નુ ( કનેકશન મીટર વાળુ સ્થળ) જે સર્વે નંબર : ૨૪૮ પૈકી ૨ મા આવેલ સંયુકત માલીકી વાળો કુવો ( કે જેમા અરજદાર શ્રી નો ભાગીદાર ની રૂએ કાયદેસર નો હકક છે તે કુવો) દર્શાવશે. આમ, અરજદાર શ્રી ની સદર માંગણી, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ '' બદલાયેલ પરિસ્થિતી અન્વયે ના નવીન ખેતી વિષયક જોડાણ આપવા માટે ના '' મથાળા હેઠળ ના '' મુદ્દા નં. (છ) મા કરાયેલ જોગવાઈ મુજબ જ ( એટલેકે, જે સર્વે નંબર મા એક જોડાણ આવેલ હોય, તે સર્વે નંબર મા આવેલ અન્ય કુવા પર બીજુ જોડાણ મેળવી, અને એ જ સર્વે નંબર મા સીચાઈ કરી શકાય નહી. ) ની મર્યાદા અંર્તગત ની બાબત, અન્વયે ની અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી હોય, જે નિયમાધીન ગ્રાહય રાખવા યોગ્ય છે. જેથી, અરજદાર શ્રી ની સદર માંગણી પરત્વે કાર્યવાહી હાથ ધરી અને તે મુજબ અરજદાર શ્રી ને, તેમના પિતાશ્રી ના નામની નોંધાયેલ તા.૦૪--૦૩–૧૧ ના રોજ ની અરજી વાળુ સામાન્ય યોજના હેઠળ નુ નવુ ખેતીવાડી વીજજોડાણ નામ બદલી અને શીફટીગ સાથે, મંજુર કરવાની નિયમાધીન કાર્યવાહી, જે અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા હાથ ધરી અને પૂર્ણ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..